સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરના જીલ્લા પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે ૧૯૮૬ માં અંબાજી માતાજીની મંદિરમાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.જે અંબાજી માતાજીના મંદિરનો બુધવારે ૩૦ મો પાટોત્સવ ધામધૂમ થી ઉજવાયો હતો.આ પાટોત્સવનું અંબિકા માઈ મંડળ,પોલીસ પરિવાર હેડ ક્વાર્ટસ ધ્વારા નવચંડી હવન,આરતી અને મહાપ્રસાદનું આયોજન ઉપરાંત પાટોત્સવ નિમિતે રાત્રે રાસ ગરબા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કાંકરેજ તાલુકાના ધનેરા ગામે

ચાર વર્ષ પૂર્વેના મારામારી કેસમાં ત્રણને છ માસની સજા

કાંકરેજ, તા. ૧૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ધનેરા ગામે વર્ષ ૨૦૧૩માં પટણીઓ વચ્ચે ઝગડો થયો હતો અને મારામારી થતા પોલીસ ફરીયાદ થવા પામી હતી. જો કે ફરિયાદિ જીતાભાઈ અમથાભાઈને ઈજા થવા પામી હતી. જેમાં ફરિયાદી તરીકે હંસાબેન જીતાભાઈ એમ બન્ને જણને સામાવાળા આરોપી કાનજીભાઈ નાનાભાઈ પટણી, રાજેશભાઈ કાનજીભાઈ, અશકભાઈ કાનજીભાઈ તમામ રહે. ધનેરા, તા. કાંકરેજ જિલ્લો બનાસકાંઠાવાળા સામે ૨૩-૩-૨૧ ના રોજ રાત્રે બોર ચાલુ કરવા બાબતે ઝઘડો થયેલ ત્યારે શિહોરી પો. સ્ટે.માં ફરીયાદ દાખલ થયેલ જેમાં આઈપીસી ૩૨૩ દાખલ થતા શિહોરી કોર્ટમાં ત્રણેય આરોપી જામીન ઉપર મુક્ત હતા. જે દરમ્યાન તા. ૧૮-૪-૧૭ના રોજ શિહોરી કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ ભરતભાઈ કેલાનીએ ધારદાર રજૂઆતને કોર્ટે ગ્રાહ્ય રાખી ૬ માસની સજા અને રૂ. ૧૦૦૦નો દંડ ફટકારતા કોર્ટ પરિષરમાં સોંપો પડી જવા પામ્યો હતો. આમ ૪ વર્ષ અગાઉનો શિહોરી કોર્ટના જજ બી.ડી. વાઘેલાએ ફેંસલો સુનાવતા પક્ષકારો અને વકિલ આલમમાં સન્નાટો છવાયો હતો. જો કે નિચલી કોર્ટમાં બહુ ઓછા કેસો ચાલતા હોવાથી સુનાવણી થવા પામતી નથી. ત્યારે શિહોરી કોર્ટ ડંકો વગાડ્યો હતો. જેથી હવે ૩૨ ના આરોપીઓની ખેર નથી.

કાંકરેજ તાલુકાના આકોલી ગામે લીંબોજ માતાજીની રમેલ યોજાઈ

કાંકરેજ, તા. ૧૯

કાંકરેજ તાલુકાના આકોલી ગામે આલ પરિવાર દ્વારા કુળદેવી શ્રી લીંબોજ માતાજીની રમેલ યોજાઈ હતી. જેમાં ભુવાજી દેસાઈ તેજાભાઈ લેંબાભાઈ, મગનભાઈ લેંબાભાઈ (અજીમાતા ભુવાજી), જીભાભાઈ દેસાઈ (શિહોરી) સેમોજ માતા ભુવાજી) સહિત સુરતથી અમરતલાલ દેસાઈ (બિલ્ડર) સહિત ગામે ગામથી હજારોની સંખ્યામાં લોકો દર્શન કરવા માટે ઉમટ્યા હતા. અને આલ પરિવારમાં અત્યારે કેરોસીન, લીંબડો બાળવામાં આવતો નથી.

પ્રથમ માતાજીનો પાટ પાથરીને વેણ-વધાવા લેવાયા હતા. ત્યારબાદ ધૂણ ચાલી હતી. જેમાં દરેક ભૂવાજીને ફૂલથી વધાવી રૂ. ૫૦ની પહેરામણી કરાઈ હતી. અને સવારે ઉગતા સૂરજ સાથે માતા લીંબોજને તેલ ફૂલ ચડાવી રમેલની પૂર્ણાહૂતી કરાઈ હતી. આમ આકોલીની હાઈકોર્ટ અજીમાતાના મંદિર પાસે જ મા લીંબોજનું સુંદર મંદિર આવેલ છે. જ્યાં આલ પરિવાર અને ભુવાજી તેજાભાઈએ પોતાના કુટુંબ સાથે સુંદર રમેલનું આયોજન કરી ધન્યતા અનુભવી હતી.

સાચોદર ગામમાં દસમો સર્વરોગ નિદાન, સારવાર કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૧૯

હિંમતનાગર તાલુકાના સાચોદર ગામમાં દસમો સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો.દર્દીઓએ નિઃશુલ્ક સારવાર અને નિદાન કરાવ્યું હતું. દવાઓ નિઃશુલ્ક દર્દીઓને અપાઈ હતી. સાચોદર ગામના વીરપુરૂષ કચરાભાઈ પરમાર, આરોગ્ય સુપરવાઈઝરની ૩૭મી વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે ભિલોડા લક્ષદિપ હેલ્થ કેર ધ્વારા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં સાચોદર પંથકના દર્દીઓએ લાભ લીધો હતો. સ્વ. લક્ષ્મીબેન પરમાર, ફિમેલ હેલ્થ વર્કરને શ્રધ્ધાંજલી અર્પવા સંદર્ભે તેમની બંન્ને ડાક્ટર દિકરીઓ ધ્વારા લક્ષદિપ હેલ્થકેર ડાં. વિશાલદેવ, ડાં.શૈલદેવએ માતૃ ઋણ અર્પણ કરવાના મુખ્ય ઉદેશથી ગ્રામ્ય વિસ્તારોમાં નિઃશુલ્ક સારવાર, નિદાન અને દવાઓ આપવાનો સંકલ્પ લીધો છે. આજ દિન સુધીમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને સારવારના દસમો કેમ્પ પુર્ણ કરેલ છે. દર્દીઓને નિઃશુલ્ક તપાસ કરી નિદાન કર્યું હતું.દર્દીઓને નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરાયું હતું.

સાચોદર ગામમાં સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવવા સાચોદર ગામ આરોગ્ય સમિતી, દિલીપભાઈ પરમાર, સેવાભાવી ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

મોડાસા તાલુકાના ઉમેદપુર-દધાલિયા પંથકમાં ખૂબ જ ઓછા દબાણથી કૃષિ વીજપુરવઠો

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના મોડાસા તાલુકાના ઉમેદપુર-દધાલિયા પંથકમાં ખૂબ જ ઓછા દબાણથી કૃષિવીજ પુરવઠો

દધાલિયા ગામે આવેલ સાંસદ સમક્ષ ખેડૂતોની આ સમસ્યા અંગે ઉગ્ર રજૂઆત

મળતા ઈલે.મોટરો ઉપડતી નહિ હોવાની ફરિયાદ સ્થાનિક ખેડૂતો કરી રહ્યા છે.

તાજેતરમાં દધાલિયા ગામે હાઈસ્કૂલમાં ભાજપની ટીટોઈ જિલ્લા પંચાયત બેઠકમાં ઉપસ્થિત સાબરકાંઠાના સાંસદ દીપસિંહ રાઠોડ સમક્ષ ઉમેદપુર (દધાલિયા) ગામના ખેડૂતોએ પોતાના વિસ્તારની આ સમસ્યા લેખિતમાં રજૂ કરતાં આ અંગે તેમણે સબંધિત વીજ અધિકારીઓનું ધ્યાન દોરી આ પ્રશ્ન હલ કરવા હૈયાધારણ આપી હતી.

ઉમેદપુર-દધાલીયાના ગ્રામજનો વતી લેખિતમાં રજુઆત કરતા ગામના અગ્રણી અને સાબરકાંઠા ડિસ્ટ્રીકટ બેંકના પૂર્વ ડિરેક્ટર જયતીભાઈ હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ખેડૂતોને અપાતો કૃષિ વીજપુરવઠો પુરા દબાણ જરૂરી વોલ્ટેજથી મળતો નથી તેથી ખેડૂતોની સિંચાઈની ઈલે.મોટરો ઉપડતી નથી અથવા ઉપડે તો પુરા વોલ્ટેજને અભાવે મોટરો બળી જવાના બનાવો પણ બને છે. ખેડૂતોને તેના કારણે મોટું નુકસાન વેઠવું પડે છે. આ વિસ્તારમાં આ સમસ્યા વહેલી તકે દૂર કરવા આવનારા સમયમાં આ અંતરિયાળ વિસ્તારમાં નવું ૬૬ કે.વી.વીજ સબસ્ટેશન મંજૂર કરાશે તો તે માટે જમીન આપવા પણ ગ્રામજનોએ પોતાની તૈયારી દર્શાવી હતી.

અંતરિયાળ પર્વતીય ડુંગરાળ પ્રદેશ છે ત્યારે માત્ર ખેડૂતોની જ વસતી ધરાવતા આ વિસ્તારમાં બીએસ એનએલનું નેટવર્ક મળતું ન હોઈ અહીં ટાવર ઉભું કરી આપવાની રજુઆત પણ સાંસદ સમક્ષ કરવામાં આવી હતી જેની પણ સાંસદે નોંધ લીધી હતી. આમ ખેડૂતોને સ્પર્શતા આ બે પ્રશ્નો સમસ્યાઓ હલ કરવામાં આવે તેવી સ્થાનિકોની અપેક્ષા છે.

પ્રાંતિજ ખાતે દિનદયાળ પ્રધાનમંત્રી ઔષધી સ્ટોરનો શુભારંભ

રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીનના હસ્તે ઔષધી સ્ટોરનું ઉદ્ઘાટન

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરનું ઓપનીંગ ઉપાધ્યક્ષ રાજય આયોજન પંચના નરહરિભાઈ અમીનના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા જરૂરીયાતમંદ દર્દીઓને ગુણવત્તાવાળી સસ્તી અને સારી દવાઓ મળી રહે તે હેતુથી ગુજરાતભરમાં દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર ખોલવામાં આવી રહ્યાં છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ કોમ્પ્લેક્ષ ખાતે દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોરનું શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં નાયબ ચેરમેન સ્ટેટ પ્લાનીંગ કમીશન ગુજરાત રાજયના નરહરિભાઈ અમીના હસ્તે પટ્ટી કાપીને સ્ટોરને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જયારે આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી, જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સી, નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ પરીખ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટરો સહિત ભાજપ આગેવાનો કાર્યકરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

અરવલ્લી જિલ્લાની શાળાઓના

૧૦૦૦ નિવૃત્ત કર્મચારીઓને ૮ વર્ષથી જીપીએફ ચૂકવાતુ નથી

દસ ટકા બાકી રહેલી જીપીએફની રકમ માટે નિવૃત્ત કારકુનો, શિક્ષકો,આચાર્યોની મુખ્યમંત્રીને રાવ

મોડાસા, તા.૧૯

ગતિશીલ ગુજરાતનું એક વરવી વાસ્તવિકતાને ઉજાગર કરતી સમસ્યા અહીં પ્રસ્તુત છે. અચરજ થાય તેવી વાત છે પણ એક હકીકત છે. વય મર્યાદાને કારણે કે સ્વૈચ્છીક રીતે પણ નિવૃત્ત થનારને પળનાય વિલંબ વિના પેન્શન અને નિવૃત્તિના લાભો ચૂકવી આપવા સરકાર પુરી કાળજી લેતી હોય છે. ત્યારે આ કિસ્સો બિન સરકારી માધ્યમિક અને ઉ.માં.શાળાઓના નિવૃત્ત કર્મચારીઓને નિવૃત્તિ પછી આઠ-આઠ વર્ષ પછી પણ તેમના હક્કના જીપીએફના દસ ટકા રકમ નહિ ચૂકવતા આવા ૧૦૦૦ કર્મચારીઓના આ સામુહિક પ્રશ્ને ના છુટકે આજરોજ રાજ્યના મુખ્યમંત્રીના સ્વાગત ઓન લાઈન જન ફરિયાદ નિવારણ રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં લેખિતમાં ધા નાખવી પડી છે.

આ પ્રશ્ને છેલ્લા ૮ વર્ષમાં ડઝનબંધ વાર જિલ્લા શિક્ષણાધિકારી, સાબરકાંઠા અને તે પછી અરવલ્લી જિલ્લા ઉપરાંત છેક ગાંધીનગર સુધી લાગતાવળગતા અધિકારીઓ, મંત્રીઓ સમક્ષ રજૂઆતો અને સત્યાગ્રહની લડત પછી પણ કોઈના પેટનું પાણી હાલતું ન હોઈ ગતિશીલ ગુજરાતમાં ગોકળગાયની ગતિએ પણ આ સમસ્યાનો ઉકેલ નહિ આવતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની શાળાઓના ૧૦૦૦ નિવૃત્ત કર્મચારીઓના આ પ્રશ્ને રાજ્ય સરકારમાં ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જવું પડ્યું છે તેમ જણાવી ફરિયાદકર્તા ઈન્દ્રવદન સી. સોનીએ વધુમાં જણાવ્યું કે આ નિવૃત્ત કર્મચારીઓને કોઈ જ ન્યાય ન મળતા હક્કના નાણાંથી વંચિત રહેવું પડયું છે.

એક હજાર જેટલા નિવૃત્ત કર્મચારીઓના જીપીએફના ખાતાઓમાં ૧૦ ટકા લેખે જમા પડેલી પોતાના હક્કની રકમ વ્યાજ સહિત આજ દિન સુધી ચુકવવામાં આવતી નથી. વર્ષ ૨૦૦૯થી આજ સુધી આઠ વર્ષ પછી પણ જીપીએફની જમા રકમ નહિ ચૂકવતા હજુ પણ આવા કર્મચારીઓની સંખ્યા દર વર્ષે વધતી જ જાય છે.

આ રજુઆતમાં જણાવ્યું છે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના જીપીએફ શાખામાં તપાસ કરાય તો કોઈના નાણાં કોઈ કર્મચારીઓ સાથે મિલી ભગતથી ભ્રષ્ટાચાર આદરીને ૯૦ ટકા રકમ બબ્બે વખત ઉપાડ કરાવી રેકર્ડ ગેરવલ્લે કરી જીપીએફના હિસાબોનું રેકર્ડ નિભાવવામાં આવતું નથી તેવી વિગતો જોઈ તે ખાતા નામ વગેરે માહિતી સાથે અનેકવાર રજૂઆતો શિક્ષણ કમિશનરને કરવા છતાં કોઈ અગમ્ય કારણોસર અત્યાર સુધી કોઈ જ પગલાં લેવાયાં નથી. પરિણામે આઠ આઠ વર્ષથી ૧૦૦૦ જેટલા નિવૃત્ત કર્મચારીઓ પોતાના હક્કના જીપીએફના દસ ટકા લેખે લાખોની જમા રકમની ચૂકવઈ થતી નથી. આ અંગે તટસ્થ તપાસ થાય તો મોટી ગેરરીતિ ખુલે તેમ છે તેમ પણ રજુઆત કરાઈ છે.

પ્રાંતિજના સુખડ ખાતે જાતિ વિરૂદ્ધ બોલાચાલી-મારામારી અંગે ત્રણ સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સુખડના ઈસમે વ્યાજે લીધેલ પૈસા પરત કરી દેતાં તેની સામે આપેલ ચેક અને નોટરીના કરેલ કાગળ પરત માંગવા જતાં ફરીયાદીને માર મારી ગાળો બોલી ભગાડી મુકતાં ત્રણ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

પ્રાંતિજના સુખડ ખાતે રહેતા બાબુભાઈ પ્રકાશભાઈ પરમાર કે જેઓએ મિતેશભાઈ દશરથભાઈ પટેલ પાસેથી ઉછીના વ્યાજે પૈસા લીધાં હતા અને તે પૈસા પરત કર્યા છતાં મિતેશભાઈ પટેલ દ્વારા તેવોને સામે આપેલ ચેક તથા કરેલ નોટરીના કાગળો પરત ન કરતા મિતેશભાઈના ખેતરમાં બાબુભાઈ પ્રકાશભાઈ પરમાર ગયા હતા અને ચેક અને નોટરીના કાગળની ઉઘરાણી કરતા મિતેષભાઈ પટેલ દ્વારા શાલા તારા જેવા અશુત માણસે અહીં મારા ખેતરમાં આવવું નહિ તેમ કહી દાદાગીરી કરી વિભસ્ત ગાળો બોલી ગળદા-પાટાનો માર મારી આરોપી નંબર દશરથભાઈ માધાભાઈ પટેલ અને આરોપી રમણભાઈ માધાભાઈ પટેલે મિતેશભાઈનુ ઉપરાણું લઈને જઈને ફરીયાદી બાબુભાઈ પ્રકાશભાઈ પરમારને ગાળો બોલી ગરદાપાટાનો માર મારી શાલા ઢેઢા શું કરી લઈશ ધમકી આપી માર મારતા ફરીયાદી બાબુભાઈ પ્રકાશભાઈ પરમાર દ્વારા ત્રણ વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી જેમાં પોલીસે ત્રણ વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

હુંજ ગામમાં અસહ્ય ગંદકી ફેલાતાં ગ્રામજનો પરેશાન

ભિલોડા,તા.૧૯

હિંમતનગર તાલુકાના હુંજ ગામમાં અસહ્ય ગંદકી ફેલાતાં ગ્રામજનો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. હુંજ ગામના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ હુંજ-જગતપુરા માર્ગ ઉપર ઢોર-ઢાંખરના છાણના ઢગલા કરાતાં અસહ્ય ગંદકી ફેલાઈ છે.સ્વચ્છ ભારત,સ્વચ્છ ગુજરાતના લીરે-લીરા ઉડી રહ્યા છે.હુંજ ગામમાં પૌરાણીક વાવની આજુ-બાજુ અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાતાં દુર્ગંધના કારણે રોગચાળો ફેલાય તેવી દહેશત ફેલાઈ રહી છે.હુંજ ગામમાં ઠેર-ઠેર ઢોર-ઢાંખરના મળ,મુત્રના ઉકરડા બનાવી દેવાયા છે.અમુક ઈસમો ધ્વારા મન ફાવે તેમ પાણીનો બગાડ કરતાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે.હુંજ ગ્રામ પંચાયતના સત્તાધીશો ધ્વારા સત્વરે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી જાગૃત ગ્રામજનો સેવી રહ્યા છે.

અડેરણ દૂધ મંડળીમા ઉચાપત મામલે માજી મંત્રી સામે ફરિયાદ

દાંતા, તા. ૧૯

દાંતા તાલુકાની અડેરણ દૂધ મંડળીના ચેરમેને માજી મંત્રી સામે ઉચાપતની ફરિયાદ નોંધાવી છે. ૩૧-૩-૧૫ થી ૧૬-૬-૧૫ સુધી ૬૨૮ લાખની ઉચાપત કરવાને મામલે મંડળીના માજી મંત્રી બાબુજી ઠાકોર સામે દાંતા પોલીસ મથકે ફરિયાદ થઈ છે. અડેરણ દૂધ મંડળીના માજી મંત્રીએ ૨ વર્ષ અગાઉ દૂધ મંડળીના રેકર્ડ સાથે ચેડાં કરી પોતાના હોદાનો દુરુપયોગ કરી મંડળીના નાણાં પોતાના ઘર ભેગા કર્યા હતા જે આખો મામલો ઓડિટ દરમ્યાન ખુલ્યો હતો જેને પગલે મંડળીના ચેરમેને માજી મંત્રી સામે ઉચાપતની પોલીસ ફરિયાદ કરતા હડકંપ મચી ગયો હતો.

ડીસામા ખંડણીને મામલે ફરિયાદ

ડીસા, તા. ૧૯

ડીસામાં લેભાગુ ઈસમો ખંડણી માંગતા ફરિયાદ થવા પામી છે અને યુવક ને મારમારી ખંડણી માંગતા ડીસા પોલીસ મથકે બે બેજવાબદારો સામે જવાબદાર ગુનો નોંધાયો છે. ગતરોજ તાલુકા પંચાયત કચેરી નજીક એક ઈશમ પાસે ખંડણીના મામલે યુવકની ધોલાઈ કરી અને બળજબરી ૫૦૦ રૂપિયાની માંગ કરી હતી. જો કે પિટિશન રાઈટર લાયસન્સ વગર કેમ ફરો છો એમ કહી ખંડણી માંગી હતી અને ખંડણી પેટે પીડિત નરેશ પરમાર પાસે રૂ.૫૦૦ની ખંડણી માંગી અને યુવકને માર માર્યો હતો.

વડગામ તાલુકામા બે ગુલ્લીબાજ શિક્ષક દંડાયા

વડગામ, તા. ૧૯

વડગામની નાગરપુરા શાળાના બે શિક્ષકો અગાઉ ગુલ્લી મારતા શિક્ષણાધિકારીના હાથે ઝડપાયા હતા. અગાઉ ડીપીઓ વડગામ તાલુકાની શાળાઓની મુલાકાતે હતા. એ દરમ્યાન વડગામની નાગરપુરા શાળામા અચાનક ચેકીંગ દરમ્યાન બે શિક્ષકોએ ગુલ્લી મારી હતી. જેની ગંભીરતાથી નોંધ લઈ ડીપીઓ દ્વારા આ બે શિક્ષકોનો નોટિસ આપી ખુલાસો મગાયો છે.

ભારતીયજનતા પાર્ટી ધ્વારા બુથની સમીક્ષા બેઠકોમાંથી આજ રોજ અરવલ્લી જિલ્લા ભિલોડા તાલુકા મોટાકંથારીયા જિલ્લા પંચાયત બેઠકની સમીક્ષાની બેઠક શામળાજી વિષ્ણુ મંદિર ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપા આગેવાન અને ભિલોડા વિધાનસભા સીટના વાલી પૃથ્વીરાજભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ. જેમાં અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામમળભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ અને નિલાબેન મડિયા, મંત્રી ગજાનંદભાઈ પ્રજાપતિ, ભિલોડા તાલુકા પ્રમુખ રમેશભાઈ રાવલ, તાલુકા મહામંત્રી ભિખાભાઈ પટેલ, ઈન્દ્રવિજયસિંહ, વિસ્તારક દિનદયાલસિંહ ચૌહાણ સાથે બુથ પ્રમુખો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડગામ તાલુકાના મેતા ગામના

મૃતકના પરિવારજનોને સહાય પેટે ૮.૨૫ લાખ મંજૂર

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મેતા ગામના દલિત અગ્રણી શંકરભાઈ ખાનાભાઈ શ્રીમાળીને માર મારવાના કારણે સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યુ હતુ. આ બાબતે ફરીયાદી શૈલેષકુમાર શંકરલાલ શ્રીમાળી રહે. મેતા તા. વડગામ, જિ. બનાસકાંઠાએ પોલીસ સ્ટેશનમાં તહોમતદાર અફઝલ પટેલ, ડેપ્યુટી સરપંચ, મેતા, ઈમરાન ઉમર ચૌધરી, ઈલીયાસ અબ્દુલ સુણસરા(ઈલીયાસ મુનસી), બીજો એક ઈસમ જોયેથી ઓળખી શકાયની સામે ઈ.પી.કો. કલમ ૩૦૨, ૩૪ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧) આર, ૩(૨)પ હેઠળ ગુનો નોંધાયો છે. આ કેસની તપાસ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી દિયોદર વિભાગ, અક્ષયરાજ મકવાણા કરી રહ્યા છે. ત્રણ તહોમતદારોની બનાસકાંઠા પોલીસ ધ્વારા ગણતરીના કલાકોમાં ધરપકડ કરવામાં આવી છે.

આ બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામ પરમાર ધ્વારા આ બનાવને ગંભીરતાથી લઈ સંવેદનાસભર નિર્ણય લઈ મૃતકના પરિવારજનોને સહાય પેટે રૂ.૮.૨૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. જેના પ્રથમ હપ્તાના ૫૦ ટકા સહાયની રકમ રૂ.૪.૧૨ લાખનો ચેક ડાં. આંબેડકર અંત્યોદય વિકાસ બોર્ડ ગાંધીનગરના ચેરમેન પ્રવિણભાઈ પંડ્યાના હસ્તે મૃતકના વારસદાર વિધવા પત્ની મધુબેન શ્રીમાળીને આપવામાં આવ્યો હતો. ચેરમેન પ્રવિણભાઈ પંડયાએ મેતા ગામની મુલાકાત લઈ સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલિ અર્પણ કરી મૃતકના પરિવારજનોને મળી સાંત્વના પાઠવી હતી. તેમણે બનાસકાંઠા જિલ્લા પોલીસની કામગીરીની સરાહના કરતાં જણાવ્યું કે આ કેસના તહોતમદાર મેતા ગામના ડેપ્યુટી સરપંચ અફઝલ પટેલ સહિત ત્રણ આરોપીઓની ગણતરીના કલાકોમાં જ અમદાવાદ અડાલજ હાઈવેથી ધરપકડ કરી જેલમાં ધકેલવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પોલીસ વિભાગ દ્વારા નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરવામાં આવી રહી છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અમી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515